RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૯૧ તા.૧૯–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભીમજીભાઈ પરસોતમભાઈ લાઠીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભીમજીભાઈ પરસોતમભાઈ લાઠીયાની તા. ૮–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) રેસી.ઝોનમાં ઈન્ડ./કોમર્શીયલ હેતુ માટે ઉપયોગ થતો હોય કોર્પોરેશન ધ્વારા આરોગ્યને લગતા પગલા લેવામાં આવે છે કે નહીં. હા/ના વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૯૧/૨૦૧૧–૧૨

શ્રી ભીમજીભાઈ પરસોતમભાઈ લાઠીયાની તા. ૮–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) રેસી.ઝોનમાં ઈન્ડ./કોમર્શીયલ હેતુ માટે ઉપયોગ થતો હોય કોર્પોરેશન દ્વારા આરોગ્યને લગતા પગલા લેવામાં આવે છે કે નહીં. હા/ના વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ જવાબ આપેલ નથી તેવું જણાવી એપેલેટ ઓફિસરને તા. ૧૯–૧–૧૨ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૮૩ તા.૬–૨–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારનેઆરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે)ની જોગવાઈ મુજબ તેમણે મુદ્દા નં.૨ થી કોઈ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી તે અંગે તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૮–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે નિયત સમય અવધિમાં કોઈ જવાબ મળેલ નથી તેવું જણાવી તા.૧૯–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૯૯ તા.૨૧–૧૨–૧૧ થી સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) રેસી.ઝોનમાં ઈન્ડ./કોમર્શીયલ હેતુ માટે ઉપયોગ થતો હોય કોર્પોરેશન દ્વારા આરોગ્યને લગતા પગલા લેવામાં આવે છે કે નહીં. હા/ના તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેસીડન્સ ઝોનમાં ઈન્ડ./કોમર્શીયલ હેતુ માટે ઉપયોગ થતો હોય કોર્પોરેશન ધ્વારા આરોગ્યને લગતા પગલા લેવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) અમારી ઉપરોકત સરનામાવાળી રેસી. સોસા.માં ઈન્ડ. વપરાશને લીધે અન્ય પ્રદેશના કારીગરો ધ્વારા અમારા ઘરોની સામે બિભિત્સ ચેનચાળા તેમજ પારાવાર ગંદકી અને પાન ગલ્લા/ ચા ની હોટલોને તેમજ કોમર્શીયલ વપરાશની તમામ દુકાનોને તાત્કાલીક અસરથી બંધ કરાવવામાં આવે નહીં તો બીપીએમસી એકટ મુજબ તમારી ઉપર કેમ કોર્ટકીય કાયદેસર કાર્યવાહી ન કરવી તેનો લેખિતમાં જવાબ આપવો.. કોર્ટ કાર્યવાહીનો તમામ ખર્ચ આપના શીરે રહેશે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ મુજબની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ઉપરોકત અમારી સોસા. માં ઈન્ડ./કોમર્શીયલ વપરાશકારો ધ્વારા પારાવાર ગંદકી સામાજીક ન્યુસન્સ અને લુખ્ખા તત્વો ધ્વારા સોસા.માં રહેતા લોકોને ધાક ધમકી ધ્વારા નુકશાન થતું હોય આ બાબતે આરોગ્યધારાના નિયમ મુજબ તાત્કાલીક પગલા લેખિતમાં જાણકારી આપવી.

આમ અરજદારે માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે જયારે મુદ્દા નં.ર માં અરજદારે કોઈ માહિતી માંગેલ હોય તેવું સ્પષ્ટ થતું નથી જે અંગે અરજદારને પક્ષ રજુ કરવા અપીલ તબકકે જણાવ્યા છતાં પણ કોઈ પૂરક વિગતો કે પક્ષ રજૂ કરેલ નથી. જયારે મુદ્દા નં.૩ માં જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.વધુમાં અરજદારની મુદા નં.૩ અંગે અરજદારની રજૂઆત ઈન્ડ. અને કોમર્શીયલ વપરાશકારો ધ્વારા થતી ગંદકી ન્યુસન્સ અને આરોગ્યના નિયમો મુજબ તાત્કાલીક પગલા ભરવાની કાર્યવાહીને લગતી છે તેમ છતાં તે અંગે જો કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તે અંગેની દફતરી ઉપલબ્ધ માહિતી અજદારને પૂરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૯–૧–૧૨ ધ્યાને લેતાં ૧૭–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૦૩–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૦૮–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ અંગે અરજદારની ફરીયાદને લગતી રજૂઆત બાબતે જો કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તે અંગેની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરદારને પૂરી પાડવાની રહે. જે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

મુદ્દા નં.ર થી અરજદારે કોઈ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી માત્ર વિધાન કરેલ હોઈ તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભીમજીભાઈ પરસોતમભાઈ લાઠીયા,